જેના માટે ઘણી બધી આશાઓ રાખવામાં આવતી હતી એવી મોદીની અમેરિકા મુલાકાત પૂરી થઇ ગઇ છે. દેખીતી રીતે તો આ મુલાકાત ઘણી ફળદાયી રહી હોય એમ લાગે છે પણ ખરા અર્થમાં આ મુલાકાત લાંબાગાળે કેટલી સાર્થક નીવડશે એ તો આવનારો સમય કહેશે. છતાં મહત્ત્વની વાત એ છે કે આ મુલાકાતથી બંને દેશો વચ્ચે જે આશાસ્પદ વાતાવરણ સર્જાયું છે તેના મૂળમાં અનેક કારણો છે જેમાંનું એક ખાસ કારણ એ છે કે તાજેતરમાં થઇ ગયેલી પેરિસ એગ્રીમેન્ટ અંગેની વિશ્વના દેશોની સામૂહિક મિટિંગમાં અમેરિકા આ કરારમાંથી ખુદ ભારત અને ચીન સામે વાંધો ઉઠાવીને સત્તાવાર રીતે ખસી ગયું ત્યારે ઘણા દેશોએ વિરોધ કરેલો, ખુદ ભારતે પણ સત્તાવાર રીતે તો આ મામલે પોતાનો જોરદાર બચાવ કરેલો છતાં આ મામલે કોઇ સીધી સત્તાવાર ટિપ્પણી કરવાનું ટાળેલું અને મોદીની વર્તમાન મુલાકાતનો કાર્યક્રમ પણ અકબંધ રહ્યો હતો. એટલે અમેરિકા દેખીતી રીતે હૂંફાળો પ્રતિસાદ આપે એ સ્વાભાવિક છે. આ મુલાકાતના સૂચિતાર્થો તો સમય આવ્યે ખબર પડશે.

અમેરિકા આ કરારમાંથી ખસી ગયું તેનાથી ઘણા નવા વૈશ્વિક રાજકીય સમીકરણો રચાશે તે સ્પષ્ટ છે તો ટ્રમ્પના આ અણધાર્યા નિર્ણયનો ખુદ અમેરિકામાં જ સ્થાનિક સ્તરે ઘણો વિરોધ થઇ રહ્યો છે તે જોતાં ટ્રમ્પના અણધાર્યા નિર્ણયોની યાદીમાં આ વધુ એક નિર્ણયનો ઉમેરો કરી શકાય તેમ છે. આ જ મુદ્દે વિગતે વાત આ વખતના અંકમાં કરી છે.

એર ઇન્ડિયાના ખાનગીકરણને સત્તાવાર રીતે લીલી ઝંડી મળી ગઇ છે ત્યારે હવે આ મુદ્દો પણ હાલ ચર્ચામાં છે. આ તબક્કે આ પગલા મુજબના અમલ પછી આવનારા ભવિષ્યમાં શું પરિસ્થિતિ સર્જાશે તેની ચર્ચા ઘણી થાય છે પણ એક સમયની આ જાણીતી કંપની અને નામાંકિત એરલાઇન્સની આવી હાલત શા માટે અને કેવી રીતે થઇ એ એક રીતે બધા જાણતા-સમજતા હોવા છતાં કોઇ એ તરફ વિચારવા અને તેમાંથી કંઇક બોધપાઠ લેવા તૈયાર નથી એ સૌથી વધુ ચિંતાજનક બાબત છે.

એર ઇન્ડિયા અને ઇન્ડિયન એરલાઇન્સ મામલે આવી નોબત આવે ત્યારે આંચકો ચોક્કસ લાગે પણ સામે પક્ષે એ પણ સમજવા જેવું છે કે સમય બદલાય તેની સાથે બદલાવું અનિવાર્ય હોય છે. ધંધાકીય એકમો, પછી તે ખાનગી હોય કે સરકારી, તેમને તો આ બાબત સૌથી પહેલી અને કદાચ સૌથી વધુ લાગુ પડે છે. ધંધાકીય એકમો બદલાતા સમય સાથે ન બદલાય તો કેવી પરિસ્થિતિ થાય તેનો તાજો દાખલો એ એર ઇન્ડિયાના ખાનગીકરણ મુદ્દે સર્જાયેલી પરિસ્થિતિ છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી માટેના ઉમેદવારોની પસંદગી બાબતે જે હદ બહારની ખેંચતાણ થઇ તે જોતાં એમ કહી શકાય કે જો બંધારણીય ગરિમા ધરાવતું આ પદ પણ આવા પેચીદા રાજકારણથી પર ન રહી શકતું હોય તો આપણી લોકશાહીના માળખા અંગે પુનઃ વિચાર અને પુનઃ રચનાનો સમય પાકી ગયો છે.

**મનોજ ભીમાણી**

મનોજ ભીમાણી

**નોંધઃ** દર માસની ૧ અને ૧૫ તારીખે પ્રકાશિત થતું પાક્ષિક.


# આરપાર

વર્ષ : ૧૭ અંક : ૪ સળંગ અંક : ૬૦૨
તારીખ : ૧૫ જુલાઇ ૨૦૧૭

૧૬ મેથી ૧૫ જુલાઇ ૨૦૧૭
માટે પ્રકાશિત

**તંત્રી : મનોજ ભીમાણી**



મુખ્ય કાર્યાલય
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ,
જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૬૫૧૦૭
ફેક્સ : ૦૭૯-૨૬૪૬ ૩૦૨૮
e-mail aarpar@gmail.com,
website : www.aarpar.com


| લવાજમ | ભારતમાં | વિદેશમાં | | |
|---|---|---|---|---|
| મુદત | રૂા. | ડોલર | પાઉન્ડ | યૂરો |
| ૫ વર્ષ | ૧૦૦૦ | ૩૧૦ | ૧૮૫ | ૨૮૦ |
| ૪ વર્ષ | ૮૨૫ | ૨૫૦ | ૧૫૦ | ૨૨૫ |
| ૩ વર્ષ | ૬૫૦ | ૧૯૦ | ૧૧૫ | ૧૭૦ |
| ૨ વર્ષ | ૪૫૦ | ૧૩૦ | ૮૦ | ૧૧૫ |
| ૧ વર્ષ | ૨૫૦ | ૭૦ | ૪૫ | ૬૦ |

લવાજમ માટેનો ચેક વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.ના નામનો ‘આરપાર’ કાર્યાલયને મોકલવાનો રહેશે.


મુદ્રક-પ્રકાશક
મનોજ ભીમાણીએ
**વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.** વતી
ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ, નાગદેવતા મંદિર પાસે,
ચાંગોદર-બાવળા હાઇવે, અમદાવાદ.
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ
જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ,
અમદાવાદ-૬ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

Registered under R.N.I.No. GUJ/GUJ/2001/5521 Permitted to post at AHMEDABAD PSO FORTNIGHTLY ON 1st & 15th of Every Month under postal Registration Number : L3/131/GUJ-408/15-17 valid upto 31-12-2017